પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઈ, ૨૦૧૭, રવિવાર ; શ્રાવણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

આમીરખાન આસામ-ગુજરાતના પૂર પીડિતોની વહારે

બોલીવુડ અભિનેતા આમીરખાન આસામ-ગુજરાતના પૂરપીડિતોની મદદે આવ્યો છે. તેણે ટ્વીટર પર એક વિડીયો શેર કરી પૂરપીડિતોની મદદ માટે અપીલ કરી છે.

નીતિશકુમાર મંત્રીમંડળનું વિસ્તરણ

ભાજપના સહયોગથી પુનઃ બિહારના મુખ્યમંત્રીપદે બીરાજનાર નીતિશકુમારે મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે. રાજ્યપાલ કેશરીનાથ ત્રિપાઠીએ નીતિશકુમાર મંત્રીમંડળના ૨૭ મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

શાહીદ અબ્બાસી પાક.ના કાર્યકારી પ્રધાનમંત્રી

પનામા પેપર્સ કૌભાંડ મામલે

પ્રધાનમંત્રી પદ ગુમાવનાર નવાઝ શરીફના સ્થાને શાહીદ અબ્બાસી પાકિસ્તાનના નવા કાર્યકારી પ્રધાનમંત્રી પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.

ભારતનો શ્રીલંકા સામે શાનદાર વિજય

૩૦૪ રને ભવ્ય વિજય : ૫૫૦ રનના લક્ષ્યાંક સામે શ્રીલંકા માત્ર ૨૪૫ રનમાં ઓલઆઉટ : અશ્વિન તેમજ જાડેજાથી શાનદાર બોલિંગ

ગોલ, તા. ૨૯

ગોલના મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચાના ચોથા દિવસે આજ ભારતે યજમાન શ્રીલંકા પર ૩૦૪ રને ભવ્ય જીત મેળવી હતી. આની સાથે જ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની મહત્વપૂર્ણ લીડ પણ મેળવી લીધી હતી. મેચના ચોથા દિવસે જ ભારતે આ ટેસ્ટ પોતાના નામ પર કરી હતી. શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં માત્ર ૨૪૫ રન કરીને ઓલઆઉટ થઇ ગઇ હતી. ઈજાના કારણે બે બેટ્સમેન બેટિંગ કરવા માટે મેદાનમાં આવી શક્યા ન હતા. જેથી ભારતને વિજેતા જાહેર કરી દેવાતા કરોડો ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. શ્રીલંકાની બીજી ઈનિંગ્સમાં રવિચન્દ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાએ જોરદાર તરખાટ મચાવ્યો હતો.

બન્નેએ ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ઉમેશ યાદવ અને મોહમ્મદ ાસામીએ એક એક વિકેટ ઝડપી હતી. શ્રીલંકા તરફથી ઓપનિંગ બેટ્સમેન કરણારત્નેએ સૌથી વધારે ૯૭ રન બનાવ્યા હતા. જ્યારે નિરોશાન ડિકવિલ્લાએ જોરદાર બેટિંગ કરીને ૬૭ રન બનાવ્યા હતા. શ્રીલંકાએ જીતવા માટેના ૫૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા નિરાશાજનક બેટિંગ કરી હતી. ચોથા દિવસે શ્રીલંકાએ ચાના સમય સુધી ચાર વિકેટે ૧૯૨ રન કર્યા હતા. ચાના સમય કરણારત્ને ૮૫ રન અને ડિકવિલ્લા ૪૮ રન સાથે રમતમાં હતા. શ્રીલંકાને એ વખતે પણ ૩૫૮ રનની જરૂર હતી. અગાઉ ચોથા દિવસે ભારતે તેની ઈનિંગ્સને આગળ વધારી હતી. આની સાથે જ ભારત તરફથી કેપ્ટન વિરાટ કોહલીએ વધુ

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરના વિશેષ અધિકારો પર કાતર ફરશે તો ગંભીર પરિણામો : મુફ્તિ

શ્રીનગર,તા.૨૯

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ શુક્રવારે એક વિવાદસ્પદ નિવેદન કર્યું હતું. જેના કારણે મોટો વિવાદ ઉભો થયો છે. મુફ્તીએ મોદીના નેતૃત્વની પ્રશંસા કરી ઉપરાંત તેણે કહ્યું મારા માટે ભારતનો મતલબ ઈન્દિરા ગાંધી છે. તેણે એવી પણ ચેતવણી આપી કે જો કાશ્મીરના લોકોને મળેલા વિશેષ અધિકારો સાથે છેડછાડ થશે તો અહીંયા તિંરગાને કાંધ આપનારું કોઈ નહીં રહે. સીએમ આર્ટિકલ ૩૫છને ખતમ કરવલા અંગે બોલી રહ્યા હતા.

એક કાર્યક્રમમાં મહેબૂબા મુફ્તીએ કહ્યું, ''એક બાજુ આપણે કાશ્મીર મુદ્દાને કાનૂન અંતર્ગત ઉકેલવાની વાત કરીએ છીએ તો બીજી તરફ કોયડા મારવામાં આવી રહ્યા છે. કલમ ૩૫છને કોણ પડકારી રહ્યું છે? હું કહેવા માંગુ છું કે મારી અને અન્ય પાર્ટીઓ અહીંયા જીવ હથેળીમાં લઈ તિરંગા સાથે ચાલે છે. મને શંકા છે કે જો બંધારણમાં છેડછાડ કરવામાં આવશે તો રાજ્યમાં કોઈ તિરંગાને કાંધ આપનારું કોઈ નહીં બચે. બીજી એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું કે કલમ ૩૫છ અને ૩૭૦ને પડકાર આપીને તમે અલગતાવાદીઓને ટાર્ગેટ ન કરી શકો. તેમનો એજન્ડા અલગ છે. જે લોકો ભારતીયો છે અને દેશ સાથે જેમનો વિશ્વાસ જોડાયેલો છે તેમને નબળા પાડવાની કોશિશ તમે કરી રહ્યા છો. આ લોકો ચૂંટણીમાં પણ હિસ્સો લે છે અને જમ્મુ-કાશ્મીરમાં ગૌરવભર્યું જીવન

● અનુસંધાન પાન-૭ પર

યુપીમાં સપાના ત્રણ એમએલસીના રાજીનામા : અખિલેશ લાલઘુમ

લખનૌ, તા. ૨૯

ગુજરાતમાં ધારાસભ્યોના રાજીનામાના વણઝારની વચ્ચે આજે યુપીમાં સમાજવાદી પાર્ટીના ત્રણ MLC (વિધાન પરિષદના સભ્ય)એ રાજીનામું આપી દીધું છે. સપામાંથી રાજીનામું આપનારમાં રાષ્ટ્રીય શિયા સમાજના સ્થાપક બુક્કલ નવાબ, યશવંતસિંહ અને મધુકર જેટલી સામેલ છે. સુત્રો અનુસાર આ ત્રણેય નેતાઓ ભાજપમાં જોડાઈ શકે છે.

ગુજરાતમાં ભાજપ સામે કાયદેસર કાર્યવાહી કરવા ચૂંટણી પંચ સમક્ષ કોંગ્રેસની રજૂઆત

કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની પંચ સમક્ષ માંગ : ભાજપે સત્તા- પૈસાના જોરે કોંગ્રેસી ધારાસભ્યોને તોડવાની હીન પ્રવૃત્તિ આચરી હોવાના મામલે કોંગ્રેસે ફરિયાદ કરી

અમદાવાદ, તા.૨૯

ગુજરાત કોંગ્રેસમાંથી છ ધારાસભ્યોને તોડી તે પૈકીના ત્રણને ભાજપમાં આંચકી જવાના ભાજપના રાજકીય દાવથી મ્હાત થયેલા ગુજરાત કોંગ્રેસની વ્હારે આવવાની કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓને ફરજ પડી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓના પ્રતિનિધિમંડળે આજે કેન્દ્રીય ચૂંટણી પંચની મુલાકાત લઈ ગુજરાતમાં ભાજપે જે પ્રકારે સત્તા અને પૈસાના જોરે કોંગ્રેસના ધારાસભ્યોને તોડવાની હીન પ્રવૃત્તિ આચરી છે તેની ફરિયાદ કરી હતી અને આ સમગ્ર મામલામાં તાત્કાલિક પગલા ભરવાની સાથે સાથે ભાજપ વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી કરવા માંગણી કરી હતી. છેલ્લા બે દિવસમાં ગુજરાત કોંગ્રેસમાંથી છ ધારાસભ્યોએ પક્ષ સાથેનો છેડો ફાડી નાંખ્યો હતો અને ત્રણ ધારાસભ્યો તો વિધિવત્ રીતે ભાજપમાં જોડાઈ ગયા હતા. એટલું જ નહી, ભાજપમાં જોડાયેલા બળવંતસિંહ રાજપૂતે તો કોંગ્રેસના રાજયસભાના ઉમેદવાર એહમદ પટેલ સામે રાજયસભાની ચૂંટણીમાં ઉમેદવારી પણ નોંધાવી દીધી છે. ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યોને સત્તા અને પૈસાના જોરે તોડાયા હોવાના મામલે કોંગ્રેસે કેટલાક ધારાસભ્યોના પુરાવા સાથે ભાજપ પર સીધા પ્રહારો કર્યા હતા કે,

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તર કોરિયાએ ફરીવાર મિસાઈલનુ પરીક્ષણ કર્યુ

વોશિંગ્ટન,તા. ૨૯

આંતરરાષ્ટ્રીય દબાણને ફગાવી દઈને ઉત્તર કોરિયાએ ફરી એકવાર ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ છે. એક મહિનામાં બીજી વખત ઉત્તર કોરિયા દ્વારા પરીક્ષણ કરવામાં આવ્યુ છે. આ પરીક્ષણના પરીણામ સ્વરૂપે અમેરિકા સહિતના દેશોની ઉંઘ હરામ થઈ ગઈ છે. અમેરિકાને મિસાઈલ હુમલા

● અનુસંધાન પાન-૭ પર

Recruitment

Walk in interview for the post of

Marketing Executive

Salary : Rs. 15,000/- + Incentive
Eligibility : Any Graduate with fluent English
Time : 11:00 ro 3:00 PM - 30/7/2017

: Address :
Infinity Business
C-208, Swagat Rainforest-1, Above Dena Bank, Kudasan, Gandhinagar. (M) 7069700600

સંપૂર્ણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા કોઈપણ જાતની આડઅસર વગર

વજન ઘટાડો

ખાસ અનુભવી વૈદ્યરાજ દ્વારા ઘરેબેઠા સારવાર, ઘટ્યા પછી વધે નહી તેની ૧૦૦ ટકા ગેરંટી

મેદસ્વીતા (ચરબી) ઘટતા ઘૂંટણ દર્દ, ડાયાબીટીસ, હૃદયરોગ, કેન્સર જેવા ભયંકર રોગોમાંથી મુક્તિ મેળવી અને ફરી સુંદર રૂપ ધારણ કરવા સંપર્ક કરો.

નંદુભાઈ વૈદ્ય (મો. : ૮૪૦૧૪૩૩૭૧૮)